Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

સં. ૮૨ (ચાલુ) વીર સં. ૨૫૦૩
વિક્રમ સં. ૨૦૩૩ વૈશાખ

વાર્ષિક લવાજમ રૂા. ૭

## ધ્યાન સુમાર્ગ

સિદ્ધાત્માનું અણુમાત્ર જરા સરખું ધ્યાન ત્રણ કરણયોગે કરવાથી સકળ રોગો જતા રહે છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજ યોગશાસ્ત્રમાં કહે છે કે :–

योगः सर्वं विपद्वल्ली, विताने परशु सितः
अमुल मंत्रं तंत्र च, कार्मणं निर्वृतिः श्रियः

સઘળી આપદારૂપી વેલીઓના સમૂહને યોગ (ધ્યાન-માર્ગ) તિક્ષ્ણ ધારવાળા કુહાડા જેવો છે, એટલું જ નહીં પરંતુ મોક્ષરૂપ લક્ષ્મી પ્રાપ્ત કરવાને અમૂલ મંત્ર, તંત્ર અને કામણરૂપ છે.

આજે અમેરિકામાં માત્ર શુભ પરિણામ રાખી રોગ મટાડવાના અસંખ્ય દાખલા છે. આપણે આપણા યોગમાર્ગને ગૌણ કરી બહારની ક્રિયા ઉપર વિશેષ રાચી માચી રહ્યા છીએ. પણ આ બાહ્ય ક્રિયા યોગ સાધનાથી ઘટવાની નથી. બલકે વિશુદ્ધ થશે અને શુભ ફળની પ્રાપ્તિ થશે.

—પંડિત લાલન

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક ૭૪ : ] મે : ૧૯૭૭ [ અંક : ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| સુભાષીતો | | ૧૭૧ |
| દુઃખીનો દિલાસો કિંવા કર્મ પચ્ચીસીની સજ્ઝાય | શ્રી હીરાલાલ ર. કાપડીઆ | ૧૭૨ |
| પૂર્વજન્મ અને પુનર્જન્મ | મુનિશ્રી ન્યાયવિજયજી | ૧૭૬ |
| સાંભળ્યા વિના પણ ધર્મ પામે ? | પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ | ૧૭૯ |
| પુષ્પપૂજા કરનાર હરિ | શ્રી ાજનદાસ મણીલાલ દોશી | ૧૮૧ |
| મારી વિનતી (કાવ્ય) | શ્રી પુનિત મહારાજ | ૧૮૩ |
| ગુજરાતી ભાષાના વિકાસમાં જૈનોએ ભજવેલો ભાગ | શ્રી કૃષ્ણલાલ ઝવેરી | ૧૮૪ |
| શ્રી વિજયાનંદસૂરીનો અક્ષરદેહ | મુનિશ્રી પુણ્યવિજયજી | ૧૮૫ |
| નીતિને માર્ગે દ્રવ્ય રળનારા વિરલા જ હોય | શ્રી કુમારપાળ દેસાઈ | ૧૮૭ |
| સમાચાર સંચય | ટાઈટલ | ૩–૪ |


## આ સભાના નવા આજીવન સભ્યો

**૧. શ્રી અમુલખરાય મોહનલાલ શાહ — ભાવનગર**
C/o મહાવીર મેડીકલ સ્ટોર્સ

**૨. શ્રી જગજીવનદાસ જીવરાજભાઈ શાહ — ભાવનગર**

**૩. શ્રી પ્રતાપરાય વનમાળીદાસ શાહ — ભાવનગર**

## સમાચાર સંચય

પાલિતાણા—શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ સંસ્થાના સુપ્રિન્ટેન્ડેન્ટ બહેનશ્રી કુમારી જ્યોત્સનાબેન ચીમનલાલ શાહ અમદાવાદ ખાતે પૂજ્ય આચાર્ય શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ સાહેબના સમુદાયના પૂ. સાધ્વીશ્રી લાવણ્યશ્રીજી મ૦ પાસે વૈશાખ વદિ ૧૩ ને રવિવારના શ્રી ભાગવતી દીક્ષા અંગિકાર કરવાના હોઈ તેમનું બહુમાન કરવા એક સમારંભ સિહોર નિવાસી શેઠશ્રી જયંતિલાલ મોહનલાલ શાહના પ્રમુખસ્થાને તા. ૨૦–૪–૭૭ ને બુધવારે રાત્રીના આઠ વાગ્યે સંસ્થાના સેન્ટ્રલ હોલમાં યોજાયેલ.

કાર્યક્રમનો પ્રારંભ સંસ્થાના બહેનોના માંગલિક કાવ્ય–સ્તુતિથી થયો. બહેનોએ રજુ કરેલ સ્વાગત ગીત પણ અસરકારક રહ્યું. સંસ્થાના સ્થા સેક્રેટરી શ્રી સોમચંદ ડી. શાહ, ધરમશીભાઈ વોરા, પં. કપુરચંદ વારૈયા, વેણીલાલ દોશી, માણેકલાલ બગડીયા, મોહનભાઈ શાહ, રમણિકભાઈ શાહ, વસંતભાઈ ગાંધી, વસંતબેન શાહ, કુ. ઈલાબેન બાવચંદ, કુ.

(અનુસંધાન ટાઈટલ ૩જા ઉપર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આ સભાના નવા માનવંતા પેટ્રન
# શ્રી મગનલાલ જેઠાભાઈ શાહના
## જીવનની ટૂંકી રૂપરેખા

પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ ઘેર દીકરા;
ત્રીજું સુખ તે કોઠીએ જાર, ચોથું સુખ તે સુલક્ષણા નાર.

આવા ચારે સુખ પૂર્વ પુણ્યથી પ્રાપ્ત કર્યા છે એવા શ્રી **મગનભાઇ**નો જન્મ સોરઠના તિર્થધામ સમા પ્રભાસપાટણમાં સં. ૧૯૫૨ જેઠ સુદ ૮ના રોજ થયો હતો. તેમના પિતાશ્રી જેઠાભાઈ અમરચંદ શાહનો વ્યવસાય પ્રભાસપાટણમાં જ તેમના વડીલ શ્રી અમરચંદ દેવજીભાઈના કાપડ અને કરિયાણાના વ્યવસાયનો હતો.

મગનભાઇનો વ્યવહારિક અભ્યાસ તો માત્ર ત્રણ અંગ્રેજી ધોરણ સુધીનો, પણ ભણતર કરતાં ગણતર અને ઘડતર ઘણું વિશાળ. ફક્ત પંદર વર્ષની નાની વયે સં. ૧૯૩૭માં તેઓએ પિતાશ્રીની છત્રછાયા ગુમાવી અને બીજે જ વર્ષે સોળ વર્ષની ઉંમરે તેઓને પરદેશ ખેડવાના મનોરથ જાગ્યા અને સુદાન (અરબસ્તાન) ગયા. ત્યાં શેઠ કલ્યાણજી શેષકરણની પેઢીમાં નોકરીથી વ્યવસાય જીવનની શરૂઆત કરી.

મહત્ત્વાકાંક્ષી વિચારશ્રેણી અને વ્યાપારી સંસ્કારોએ સં. ૧૯૭૮ની સાલમાં એડનમાં તેઓએ સ્વતંત્ર કાપડ અને કરિયાણા વિ.નો વ્યાપાર શરૂ કર્યો અને પ્રમાણિકપણાની ઉંચી છાપ પાડી હોવાથી વ્યાપાર ઘણા દેશો કલીકટ, કોચીન, જાપાન, ચાઈના, આફ્રીકા સાથે શરૂ કર્યો અને તેમાં દિનપ્રતિદિન સારી સફળતા પ્રાપ્ત કરી.

તેમની સફળતાના મૂળમાં તેમની ધાર્મિક શ્રદ્ધા અને સાચી માનવતાનું દર્શન થાય છે. સને ૧૯૩૯માં તેઓ એડનથી મુંબઈ આવી સ્થાયી થયા. આજે ૮૧ વર્ષની ઉંમરે પણ તેમની કાર્યકુશળતા અને સ્મરણશક્તિમાં ઘટાડો થયો નથી. નિત્ય પ્રભુપૂજા, વ્યાખ્યાન-શ્રવણ અને પોતાની લક્ષ્મીનો ધાર્મિક તેમજ જાહેર ક્ષેત્રે પણ સારો ઉપયોગ કરી રહ્યા છે. તેમની વ્યવહારકુશળતા, સાદાઈ, સેવા ભાવના અને આનંદી સ્વભાવથી વ્યાપારી તેમજ સામાજિક ક્ષેત્રે તેઓ અગ્રસ્થાન ધરાવે છે. તેમના લગ્ન પ્રભાસપાટણનિવાસી શેઠ મદનજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગોવનજીની પુત્રી પાનકોરબેન સાથે સં. ૧૯૭૩માં થયા. તેઓ દરેક શુભ કાર્યોમાં પ્રેરક રહ્યા. તેમના બે મોટાભાઈ હીરાચંદભાઈ અને પ્રેમજીભાઇ અને તેમના બેન લક્ષ્મીબેન જેઓ આજે હયાત નથી. તેમના નાના ભાઈશ્રી પાનાચંદભાઈ જેની ઉંમર ૭૬ વર્ષની છે. મગનભાઇને લીલાવતીબેન, ચંદ્રમણીબેન, જયાબેન અને સુભદ્રાબેન એમ ચાર પુત્રીઓ છે અને શ્રી ચીમનભાઇનો અભ્યાસ મેટ્રીક સુધીનો અને વિનયચંદભાઈ B.Com. M B A ( માસ્ટર ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન)ની પરદેશની ડીગ્રી ધરાવે છે. બંને ભાઇઓ મગનભાઇની વ્યવસાયની પેઢીમાં જોડાયેલા છે.

મગનભાઇએ તેમના માતા પિતાના આત્મશ્રેયાર્થે સં. ૨૦૨૩માં પાલીતાણા તળેટીના ઉપરના બાબુના દેરાસરજીમાં ત્રણ દેરીઓ બનાવી પ્રતિષ્ઠા કરેલ છે. એ જ સાલમાં નવાણું યાત્રા કરી. સં. ૨૦૨૫માં પાલીતાણામાં ચોમાસુ કરી સારો લાભ લીધો. પ્રભાસપાટણમાં શ્રી ચંદ્રપ્રભુસ્વામીના નૂતન જિનાલયના નવનિર્માણમાં સારી રકમ આપી અને પ્રતિષ્ઠાના મંગળ પ્રસંગે સંઘજમણનો લાભ લીધો. સ્વ. તેમના માતુશ્રીના વરસીતપના પારણા વખતે સં. ૨૦૦૧માં પ્રભાસપાટણના તે સમયના વરસીતપના સર્વ તપસ્વીઓને પોતાની સાથે પાલીતાણા લઈ જઈ પારણા કરાવી લાભ લીધો. આવા ઘણા અનેકવિધ ધાર્મિક કાર્યોમાં તેમજ સામાજિક કામમાં પોતાની લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કર્યો છે.

તેઓશ્રીએ શ્રી પાવાપુરી, શ્રી સમેતશિખરજી બે વખત યાત્રા કરી છે. તે સાથે પંજાબ, કચ્છ, કાશ્મીર અને ગુજરાતના નાના મોટા તિર્થોની મગનભાઇએ કુટુંબ સાથે યાત્રાઓ કરી ધાર્મિક ભાવનાઓ સફળ કરી છે.

નીરોગી શરીર, તેજસ્વી બુદ્ધિ અને સદ્‌ગુણોથી અલંકૃત આત્મા જેમને પ્રાપ્ત થયા હોય તેમને આ જગતમાં મેળવવા જેવું કંઈ રહેતું નથી. સામાન્ય રીતે જીવનમાં ધન, સત્તા અને કીર્તિને આપણે મહત્વ આપીએ છીએ, પરંતુ જેના જીવનમાં સાચી સજ્જનતા અને માણસાઇ સ્વાભાવિક રહેલા છે એવા મગનભાઇનું જીવન અનુમોદનિય છે.

છેલ્લા વીશ વરસથી તેઓશ્રી મુંબઈ–કોટ શાન્તિનાથજી દેરાસર, પ્રભાસપાટણ શ્રી સુવિધિનાથ દેરાસર અને એડન જૈન દેરાસરના ટ્રસ્ટીપદે રહી સારી સેવા આપી રહ્યા છે. દરેક સેવાના કાર્યમાં મોખરે રહેવાના સ્વભાવથી તેમનું મિત્રમંડળ વિશાળ છે. આવા ધર્મશ્રદ્ધાળુ અને સેવાભાવી મગનભાઈ આ સભાના પેટ્રન થયા છે તે સભાને ગૌરવરૂપ છે. તેઓશ્રી જીંદગીભર આરોગ્યતા સાથે ધાર્મિક અને પરોપકારી સેવાના કાર્ય કરતા રહો એવી શુભેચ્છા વ્યક્ત કરીએ છીએ.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

• તંત્રી : શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ •

વર્ષ : ૭૪ | વિ. સં. ૨૦૩૩ વૈશાખ : ૧૯૭૭ મે | અંક : ૭

માણુસ જે કર્મનો કરોડો જન્મની આકરી તપશ્ચર્યાથી પણ નાશ નથી કરી શકતો તે કર્મનો, સમભાવનો આશ્રય લઈને ક્ષણુ માત્રમાં નાશ કરી શકે છે.

—શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય

× × ×

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.

—શ્રીમદ્ રાજચંદ્રજી

× × ×

પૈસા પેદા કરવા એ જ જેના જીવનનું ધ્યેય છે, એનું જીવન અને આત્મા અજાણે જ પૈસાના હાથે વેચાઈ જાય છે.

—રવિન્દ્રનાથ ટાગોર

× × ×

તમામ પરિસ્થિતિને અનુકૂળ બની ચાલવાની વિદ્યા જેને આવડી ગઈ છે તેને દુનિયામાં દુઃખ ભોગવવું પડતું નથી.

—શરદબાબુ

× × ×

માણુસે પોતાના શરીર અને પ્રાણુને માનસિક શક્તિઓવડે દોરવાના છે. તેણે શરીર અને પ્રાણુથી પશુની પેઠે દોરાવું જોઈએ નહીં.

—શ્રી અરવિંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દુઃખીનો દિલાસો
# કિંવા કર્મ પચ્ચીસીની સજ્ઝાય

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ,

જૈન ગુજરાતી સાહિત્યમાં વિવિધ અંગો પૈકી એક તે 'સજ્ઝાય' છે. એને માટેનો સંસ્કૃત શબ્દ 'સ્વાધ્યાય' છે. લગભગ ૫૦૦ સજ્ઝાયો રચાઈ છે. ભીમસી માણેકે સજ્ઝાયમાળામાં પુષ્કળ સજ્ઝાયોને સ્થાન આપ્યું છે. સજ્ઝાય સન્દોહમાં ૧૭૧ સજ્ઝાયો છપાવાઈ છે. 'સજ્જન સન્મિત્ર યાને એકાદશ મહાનિધા(ધિ)'માં ૧૦૪ સજ્ઝાયો છે. એમાંની ૭૬મી સજ્ઝાય તે 'કર્મ પચ્ચીસીની સજ્ઝાય' છે. એ કર્મનો પ્રભાવ દર્શાવે છે અને દુઃખ સહન કરવામાં સહાયક બને તેમ છે. કેમકે ભલભલાને દુઃખ પડયું છે એ વાત એક રીતે દુઃખીને દિલાસાની ગરજ સારે તેમ છે. આથી તો મેં આ લખાણના શીર્ષકમાં એને સ્થાન આપ્યું છે.

ઋદ્ધિહર્ષે 'કર્મ પચ્ચીસીની સજ્ઝાય' ૨૬ કડીમાં રચી છે. એમણે પોતાનો કશો જ પરિચય આપ્યો નથી. પ્રસ્તુત કૃતિનું નામ અને એનું રચના વર્ષ ઇત્યાદિ પણ જણાવ્યાં નથી. એ ઋદ્ધિહર્ષને તો એમની પ્રસ્તત કૃતિ પૈકી એકેનો ઉલ્લેખ 'જૈન ગૂર્જર કવિઓ'માં નથી, આથી સહૃદય સાક્ષરોને મારી સાદર વિજ્ઞપ્તિ છે કે તેઓ આ સંબંધમાં યોગ્ય પ્રકાશ પાડે.

આ સજ્ઝાયમાં કઈ કઈ જાતનું દુઃખ કોને કોને ભોગવવું પડયું તેનું સૂચન છે. એ જોતાં એના સ્પષ્ટીકરણરૂપે વિવિધ કથાઓ યોજી શકાય. આ જ વિષય 'કર્મની ગતિ કિંવા કર્મનો છન્દ'માં નિરૂપાયો છે. એ વિજયસેનસૂરિના ભક્ત રતનસાગરની ૪૫ કડીની રચના છે. એ છન્દ સને ૧૯૬૯માં પ્રકાશિત 'કર્મ સિદ્ધાન્ત રૂપરેખા અને પ્રૌઢ ગ્રન્થો' નામની મારી કૃતિમાં વિવેચનપૂર્વક પૃષ્ઠ ૩૦૪-૩૧૪માં રજૂ કરાયેલ છે. એ છન્દ અશુભ તેમજ શુભ કર્મનો વિપાક દર્શાવે છે. કેટલીક બાબત મેં 'ગુજરાતી જૈન સાહિત્ય છન્દ' નામની મારી લેખમાળા જે 'આત્માનંદ પ્રકાશ'માં કટકે કટકે છપાઈ છે તેના પ્રથમ લેખાંક (પૃષ્ઠ ૬૬, અં. ૩)માં આપી છે, મારી ઇચ્છા બન્ને કૃતિઓ, તદ્ગત વ્યક્તિઓના સંક્ષિપ્ત જીવન વૃત્તાન્ત રજૂ કરતી પદ્યાત્મ કૃતિઓ અને એવી ખૂટતી કથાઓ સહિત એક પુસ્તક તૈયાર કરવાની છે. પણ જ્યાં સુધી યોગ્ય પ્રકાશક મળે નહિ અને આવશ્યક [1]સાધનો-જૈન કથાકોષો અને અજૈન સામગ્રી તરીકે પૌરાણિક કથાકોષ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી વિશેષ કંઈ ન કરતાં હું હાલ તુરત તો 'કર્મ પચ્ચીસીની સજ્ઝાય' કથારસિકોના આસ્વાદનાર્થે નીચે મુજબ સાભાર ઉદ્ધૃત કરું છું :—

૧ ભીમસી માણેકે 'જૈન કથારત્નકોષ' દશેક ભાગોમાં પ્રસિદ્ધ કર્યો છે. એ અપ્રાપ્ય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દેવ દાનવ તીર્થંકર [1]ગણધર, હરિ હર નટવર સબળા;
કર્મ સંયોગે સુખ દુઃખ પામ્યા, સબસેં હુઆ યહા નબળા રે,
પ્રાણી ! કર્મ સમો નહિ કોય, કીધા કર્મ વિના ભોગવ્યા,
છુટક બારો ન હોય રે. પ્રાણી૦ ૧ આંકણી

આદીશ્વરને અંતરાય વિટં(ડં)બ્યો, વર્ષ દિવસ રહ્યા ભૂખે;
વીરને બાર વરસ દુઃખ દીધું, ઉપન્યા બ્રાહ્મણી કુખે રે.
પ્રાણી૦ ૨

સાઠ સહસ સુત એક દિન મૂઆ, સામન્ત શૂરા જેવા;
સગર હુઓ મહા પુત્રે દુઃખિયો, કર્મ તણા ફળ એસા રે.
પ્રાણી૦ ૩

બત્રીસ સહસ દેશનો સાહેબ, ચક્રી સનતકુમાર;
સોળ રોગ શરીરે ઉપન્યા, કર્મે કિયા તસ ખુવાર રે.
પ્રાણી૦ ૪

સુભૂમ નામે આઠમો ચક્રી, કર્મે સાયર નાંખ્યો;
સોળ સહસ યક્ષે ઊભા દીઠો, પણ કિણહી નવિ રાખ્યો રે.
પ્રાણી૦ ૫

બ્રહ્મદત્ત નામે બારમો ચક્રી, કર્મે કીધો રે અન્ધો;
એમ જાણી પ્રાણી ! વિણ કામે, કોઈ કર્મ મત બાંધો રે.
પ્રાણી૦ ૬

વીશ ભુજા દશ મસ્તક હુતા, લક્ષ્મણે રાવણ માર્યો;
એકલડે સહુ જગને જિત્યો, કર્મથી તે પણ હાર્યો રે.
પ્રાણી૦ ૭

લક્ષ્મણ રામ મહા બળવંતા, વળી સત્યવંતી સીતા;
બાર વરસ લગે વનવાસે ભમિયા, વીતક તસ બહુ વીત્યા રે.
પ્રાણી૦ ૮

છપ્પન ક્રોડ જાદવનો સાહેબ, કૃષ્ણ મહાબલી જાણી;
અટવી માંહિ એકલડો મૂઓ, વલવલતો વિણ પાણી રે.
પ્રાણી૦ ૯


---

૧ કોઈ પણ ગણધરને કર્મે સુખીદુઃખી કર્યાની વાત આ સજ્ઝાયમાં તો નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચ પાંડવ [1]મહાઝુઝારા, હારી દ્રૌપદી નારી,
બાર વરસ લગે વનદુઃખ દીઠાં, ભમિયાં જેમ ભિખારી રે.
પ્રાણી૦ ૧૦

સતીઅ(ય)-શિરોમણિ દ્રૌપદી કહીએ, પાંચ પુરુષની નાર;
સુકુમાલિકા-ભવે બાંધ્યું નિયાણું, પામી પાંચ ભરથાર રે.
પ્રાણી૦ ૧૧

કર્મે હલકો કીધો હરિશ્ચન્દ્રને, વેચી તારા રાણી;
બાર વરસ લગે માથે આણ્યું, [2]ડુંબ તણે ઘેર પાણી રે.
પ્રાણી૦ ૧૨

દધિવાહન રાજાની બેટી, આવી (?) ચંદનબાળા;
ચૌ(?ચઉ)પદની પેટે ચૌટે વેચાણી, કર્મ તણા એ ચાળા રે.
પ્રાણી૦ ૧૩

સમકિતધારી શ્રેણિક રાજા, બેટે બાંધ્યો મુશ્કે;
ધર્મી નરપતિ કર્મે દબાણા, કર્મથી જોર ન કિસકા રે.
પ્રાણી૦ ૧૪

ઈશ્વર દેવ અને પાર્વતી રાણી, કરતા (?) પુરુષ કહેવાય;
અહોનિશ સ્મશાન માંહે વાસો, ભિક્ષા ભોજન ખાય રે.
પ્રાણી૦ ૧૫

સહસ્રકીરણ સૂરજ પ્રતાપી, રાત દિવસ રહે ભમતો;
સોળ કળા શશી(શ)હર જગ આવો, દિન-દિન જાયે ઘટતો રે.
પ્રાણી૦ ૧૬

નળ રાજા પણ જુગટે રમતાં, અરથ [3]ગરથ રાજ્ય હાર્યો;
બાર વરસ લગે વન-દુઃખ દીઠા, તેને પણ કર્મે ભમાડ્યો રે.
પ્રાણી૦ ૧૭

સુદર્શનને શૂળીએ દીધો, મુંજરાજે માંગી ભીખ;
[4]'તમસ' ગુફા-મુખ કોણિક બળિયો, માની ન કોઈની શીખ રે.
પ્રાણી૦ ૧૮

---

૧ ઝૂઝનારા, લડવૈયા. ૨ 'સાર્થ ગૂજરાતી જોડણીકોશ'માં આ શબ્દ નથી. ૩ ગઈ, પૈસો. ૪ તમિસ્રા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગજસુકુમાર-શિર સગડી મૂકી, સોમિલે બાળ્યું શીશ;
મેતારજ વાધરે વિંટાણા, ક્ષણ ન આણી રીસ રે.
પ્રાણી૦ ૧૯

પાંચસે [1]સાધુ ઘાણીમાં પીલ્યા, રોષ ન આણ્યો લગાર;
પૂર્વ કર્મે ઢંઢણ ઋષિને, ષટ માસ ન મળ્યો આહાર રે.
પ્રાણી૦ ૨૦

ચૌદ-પૂર્વધર કર્મ તણે વશ, પાયા નિગોદ મઝાર;
આર્દ્રકુમાર અને નન્દિષેણે, ફરી વાસ્યો ઘરવાસ રે.
પ્રાણી૦ ૨૧

કળા(લા)વતીના કર છેદાણા, સુભદ્રા પામી કલંક;
મહાબળ મુનિનું ગાત્ર પ્રજાળ્યું, કર્મ તણો એ [2]વંક રે.
પ્રાણી૦ ૨૨

દ્રૌપદી-હેતે પદ્મનાભનું, ફોડ્યું કૃષ્ણે ઠામ;
વીરના કાને ખીલા ઠોકાણા, પગે રાંધી ખીર તામ રે.
પ્રાણી૦ ૨૩

કર્મથી નાઠા જાય પાતાળે, પેસે અગ્નિ મઝાર;
'મેરુ' શિખર ઉપર ચઢે, પણ કર્મ ન મૂકે લગાર રે.
પ્રાણી૦ ૨૪

એવા કર્મ જિત્યાં નર-નારી, પહોંચ્યાં શિવ-ઠાય;
પ્રભાતે ઊઠી નિતનિત વંદો, ભક્તિએ તેહના પાય રે.
પ્રાણી૦ ૨૫

એમ અનેક નર ખંડ્યા, કર્મે ભલ ભલેરા જેસા;
ઋદ્ધિહર્ષ કર જોડી કહે, નમો નમો કર્મરાજ એસા રે.
પ્રાણી૦ ૨૬

આ સજ્ઝાય તેમજ 'કર્મનો છંદ' કંઠસ્થ કરવાં જેવાં છે. બાલ્યવયમાં સંતાનોને સુસંસ્કાર પાડવા માટે આવી કૃતિઓનું વિવેચન ઉપયોગી થઈ પડે તેમ છે. તે દિશામાં પ્રયાસ થાય તે દરમ્યાન આ સજ્ઝાયનો બહોળો પ્રચાર થાય એ ઇરાદે મેં 'આત્માનંદ પ્રકાશ'ના તંત્રીજી ઉપર આ લખાણ મોકલ્યું છે, તેઓ એ સત્વર પોતાના સુપ્રસિદ્ધ માસિકમાં પ્રકાશિત કરે એ અભ્યર્થના.

૧ એઓ ખંધક મુનિના શિષ્યો થાય છે. ૨ આડું વલણ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂર્વ જન્મ અને પુનર્જન્મ

લેખક-મુનિશ્રી ન્યાયવિજયજી ન્યાયતીર્થ-વિશારદ

જીવનો દરેક જન્મ એના પૂર્વ જન્મની અપેક્ષાએ પુનર્જન્મ જ છે. એનો કોઇ જન્મ એવો ન હોય, જેની અગાઉ જન્મ ન હોય. એનાં જન્મોની (ભિન્ન ભિન્ન દેહોનાં ધારણની) પરંપરા હમેશાંની એટલે કે અનાદિકાળથી ચાલી આવે છે, એમ માનવું યુક્તિસર જણાય છે. આત્માના ભૂતકાળના કોઇ જન્મને સર્વ પ્રથમ એટલે કે શરૂઆતનો જન્મ માનીએ, તો એમ માનવું પડે કે આત્મા ત્યાં લગી અજન્મા હતો, અને પછી એનો એ પહેલ વહેલો નવો જન્મ શરૂ થયો. આમ જો માનવું પડે તો અજન્મા એવા શુદ્ધ આત્માને પણ ક્યારેક જન્મ ધારણ કરવાનું સંભવિત બની શકે છે એમ પણ માનવું પડે, અને એમ જો માનવું પડે તો ભવિષ્યમાં મુક્તિ પ્રાપ્ત થયા પછી પણ ક્યારેક પાછો જન્મપાશ વળગવાનું સંભવિત બની જાય છે, અને એથી સ્થિર અને પૂર્ણ મુક્તિનું અસ્તિત્વ ઊડી જાય છે. આત્મા કેટલાક કાળ લગી જન્મ વગરનો (દેહધારણ વિનાનો) રહી પાછો ક્યારેક ફરી જન્મ ધારણ કરવાનું ચાલુ કરે છે, આમ માનવું બંધ બેસતું નથી. દેહ ધારણની પરંપરા ચાલે તો અખંડ રૂપે જ ચાલે; અને એક વાર દેહનો વળગાડ છૂટ્યો કે પછી હંમેશાને માટે છૂટી જાય છે. આ પ્રમાણે માનવું સંગત દેખાય છે.

એક જ માતા પિતાનાં સંતાનોમાં અંતર માલુમ પડે છે. એટલું જ નહિ, એક સાથે જન્મેલ યુગલમાં પણ અન્તર જોવામાં આવે છે. મા બાપની ઠીક ઠીક દેખભાળ હોવા છતાં તેમનાં વિદ્યા, શિક્ષણ, બુદ્ધિ, ડહાપણ, અનુભવ અને વર્તન વગેરેમાં ફરક પડી ગયેલો જોવાય છે. એ અન્તરનો ખુલાસો રજવીર્ય અને વાતાવરણની વિભિન્નતા પર જ પર્યાપ્ત નહિ થાય. પૂર્વજન્મના સંસ્કારોનું પરિણામ પણ ત્યાં સ્થાન રાખે છે એમ માનવું બંધ બેસે છે. ઐહિક કારણો અવશ્ય પોતાની કૃતિ દાખવે છે, પરંતુ એટલેથી વિચારણા અટકતી નથી. એ કારણો પણ પોતાનો હેતુ માગે છે. એ કારણો પાછળ પણ ગૂઢ હેતુનો સંચાર હોય તેમ કલ્પના આવે છે. મૂળ કારણની શોધ માટે વર્તમાન જિન્દગીના સંજોગોથી આગળ વધવું પડશે.

સંસારમાં એવા પણ માણસો જોવાય છે કે જેઓ અનીતિ, અનાચારનાં કામ કરવા છતાં ધની અને સુખી હોય છે, જ્યારે નીતિ અને ધર્મના માર્ગ પર ચાલનારાઓમાં કેટલાક દરિદ્ર અને દુઃખી દેખાય છે. આમ થવાનું કારણ? "કરણી તેવું ફળ" ક્યાં? આનો ખુલાસો વર્તમાન જન્મ સાથે પૂર્વજન્મનું અનુસંધાન વિચારતાં આવી શકે છે. પૂર્વજન્મના કર્મ સંસ્કાર અનુસાર વર્તમાન જિંદગી ઘડાય છે અને વિશેષ પરિસ્થિતિઓ ઊપજે છે; એ જ પ્રમાણે વર્તમાન જિન્દગી અનુસાર ભવિષ્ય જિંદગીની નિષ્પત્તિ થાય છે, અર્થાત્ પૂર્વજન્મના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્મસંસ્કારોનાં પરિણામ વર્તમાન જિન્દગીમાં પ્રગટ થાય છે, અને વર્તમાન જિન્દગીના કર્મસંસ્કારોનાં પરિણામ ભવિષ્યની જિન્દગીમાં પ્રગટ થાય છે. એમ શું નથી બનતું કે કેટલાક બદમાશ, લૂંટારા અને ખૂની ઘોર અપરાધ કરીને એવા ગુપ્ત રહી જાય છે કે તેઓ ગુનાની સજાથી બચી જાય છે, જ્યારે બીજા નિરપરાધીઓને ગુના વગર ગુનાની ભયંકર સજા ભોગવવી પડે છે! કેટલો અન્યાય? કરણી તેવું ફળ ક્યાં? પણ એ બધી ગુંચવણ પુનર્જન્મ કે પૂર્વજન્મના સિદ્ધાંત આગળ ઉકેલાઈ જઇ શકે છે. પૂર્વજન્મવિહિત વિભિન્ન અને વિચિત્ર કર્મોનાં વિભિન્ન અને વિચિત્ર પરિણામ વર્તમાન જન્મમાં ઉપસ્થિત થાય છે. પરંતુ આ ઉપરથી એમ સમજવાનું નથી કે અનીતિ, અન્યાય, અત્યાચાર કરીને ધન ભેગું કરી તેવા ધનને બળે સાહ્યબી ભોગવનારને એમ ભોગવવાનો નૈતિક કે ધાર્મિક દૃષ્ટિએ કશો હક્ક પ્રાપ્ત થાય છે. એવાઓએ મોટે ભાગે પોતાનું ધન સીધી રીતે કે પરંપરાએ ગરીબો અને પારિશ્રમિક વ્યવસાય કરનારાઓ પાસેથી છેતરીને અથવા લૂંટીને—છળ યા બળથી મેળવેલું હોય છે. આવું હોય ત્યાં કોઇ પણ સુરાજ્ય અથવા જાગ્રત સમાજ આવી પરિસ્થિતિ લાંબો વખત નિભાવી શકે નહિ. જો નિભાવે તો પ્રથમ દોષ રાજ્યનો અને બીજો દોષ તે ઊંઘણસી સમાજનો છે. સમાજનું અર્થોત્પાદન અને તેની યોગ્ય વહેંચણ થાય તે રાજ્યે અને સમાજે જોવાનું છે. કોઇ પણ ધર્મ સમાજમાં પ્રવર્તતી આવી અંધાધુંધીને અનુમોદન આપી તેને ટકાવી શકે નહિ, તેમજ તેવા ધનનો ધર્મપ્રભાવના કરવાના ઇરાદે ધાર્મિક ગણાતા કાર્યમાં ઉપયોગ કરવા—કરાવવાથી તેવા ધનને ન્યાયોપાર્જિત પ્રશસ્ત ધન તરીકે પ્રતિષ્ઠા આપી શકે નહિ. જો આપે તો તે ધર્મ, અનીતિ અને અનાચરણનો પોષક બની જાય.

ગૃહસ્થાશ્રમીનો પહેલો સદ્ગુણ ધનોપાર્જન ન્યાયથી કરવું એ છે. ન્યાયથી કમાવું અને એમાંથી બની શકે તેટલું ધાર્મિક કાર્યમાં ખર્ચવું એ જ પ્રશસ્ત અને પુણ્યમાર્ગ છે. ધાર્મિક કાર્યમાં ખર્ચવા માટે કે ધર્મ પ્રભાવના કરવાના ઇરાદે તેવાં મોટા કાર્યો કરવા માટે સારા-નરસા કોઇ રસ્તે ધન ભેગું કરવા મંડી પડવું એ ખોટું છે, એ શ્રેયસ્કર નથી. શાસ્ત્રકારોનો એ સ્પષ્ટ ઉપદેશ છે કે—ધર્મ માટે ધનની ઇચ્છા કરવી, તે કરતાં તે ઇચ્છા ન કરવી એ જ વધારે સારૂં છે. કાદવમાં પગ નાખી પછી ધોવો તેના કરતાં કાદવમાં પગ નાખવો નહિ એ જ સારૂં છે. સમજવું સુગમ છે કે ધાર્મિક કાર્યો ન્યાયોપાર્જિત દ્રવ્યથી કરાય તો ધર્મની પવિત્રતા સચવાઈ શકે. ધર્મના મહિમાને વિસ્તારવાનો એ જ સારો અને સાચો રસ્તો છે. બાહ્યાડંબર ખાતર ધર્મની પવિત્રતાને જોખમમાં નાખી શકાય નહિ. નીતિથી ધન મેળવાય અને એવું (ન્યાયભૂત) ધન ધાર્મિક કાર્યમાં વાપરવામાં આવે તો તેની અસર સમાજ અને જાહેર જનતા પર બહુ સારી થાય.

વળી બીજી વાત એ સૂચવવા યોગ્ય છે કે જે બદમાશ, લૂંટારા કે ખૂનીને રાજ્ય કે સમાજના હાથ પહોંચી શકે નહિ તેમને કર્મના અટલ કાયદા અનુસાર તેમને પોતાનાં દુષ્કર્મનાં ફળ મળવાનાં એ નક્કી છે, પરંતુ પરકૃત આપત્તિ માટે પોતાના કર્મવિપાકનો ટેકો મળ્યાનું માની લેવા છતાંય તે સંબંધે જે બાબતનો ઉપાય થઈ શકે તેમ હોય તે માટે સઘળા ઈલાજ રાજ્યે કે સમાજે લેવા જોઇએ, એ યોગ્ય તથા ન્યાય છે.*


* લેખકના 'જૈન દર્શન' ગ્રંથમાંથી સાભાર ઉધ્ધૃત.

□



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

RATAN BATRA/DB/G/295


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાંભળ્યા વિના પણ ધર્મ પામે?

લેખક : પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ (કુમારશ્રમણ)

ભગવતી સૂત્રના નવમા શતકના ૩૧મા ઉદ્દેશામાં ભગવાન મહાવીરસ્વામીને ગૌતમસ્વામીજી પૂછે છે કે, હે પ્રભો! અશ્રુત્વા અર્થાત્ અરિહંતાદિ પાસેથી સાંભળ્યા વિના પણ સાધકને અરિહંત ધર્મની, બોધિલાભની, અનગાર ધર્મની, બ્રહ્મચર્ય ધર્મની, સંયમ તથા સંવર આદિ ૧૧ પદોની પ્રાપ્તિ થઈ શકે છે? થતી હોય તો કયા કારણે? અને નહીં થવામાં કારણ શું?

પ્રશ્નનો હાર્દ સમજીએ તે પહેલાં ઉપરના પદોના અર્થોને સંક્ષેપથી જાણી લઈએ.

(૧) તીર્થંકર :

આ પદ પ્રાપ્ત કરવાની યોગ્યતાવાળા ભાગ્યશાળીઓને બે-ત્રણ ભવ પહેલાંથી જ નીચે પ્રમાણેની ભાવના ઉદ્ભવે છે.

(અ) સંસારના જીવ માત્રને હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ નામના મહા પાપોમાંથી બચાવીને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને સંતોષ ધર્મ આપનારો બનું.

(બ) દીન-દુઃખી અનાથ અને કર્મોના કારણે પરેશાન બનેલા જીવોનો હું સહાયક બનવા પામું.

(ક) દ્રવ્ય અને ભાવ દરિદ્રતાને દૂર કરાવીને તેમને ધર્મરૂપી આંબાના ઝાડ નીચે લાવનારો થાઉં.

(ખ) કામીઓના કામને, ક્રોધીઓના ક્રોધને, માયાવીઓની માયા જાલને, સંતોષામૃત આપી શાંત કરું.

(ગ) દ્રવ્ય અને ભાવરોગીઓને સ્વસ્થ કરું. આવા પ્રકારની અભૂતપૂર્વ ભાવદયાથી પ્રેરાયેલા એ મહાપુરુષો વીશ સ્થાનકોની ઉત્કૃષ્ટતમ-નિષ્કામ અને નિર્વ્યાજ આરાધના કરીને પોતાના આત્માને દ્રવ્ય તથા ભાવ કર્મોમાંથી મુક્ત કરે છે ત્યારે તીર્થંકર નામકર્મ નિકાચના કરી ત્રીજે ભવે પણ ઘાતી કર્મોનો નાશ કરી કેવળ જ્ઞાન મેળવવાને માટે ભાગ્યશાળી બને છે. અને તરત જ ત્રીજા ભવે ઉપાર્જિત તીર્થંકર નામ કર્મનો ઉદય થતાં સમવસરણમાં બિરાજમાન થઈ જીવ માત્રને ધર્મોપદેશ આપે છે અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી તીર્થંકરપદને પ્રાપ્ત કરે છે.

(૨) જિનપ્રજ્ઞપ્ત ધર્મ :

જિનેશ્વરદેવોએ જે ઉપદેશ આપ્યો તે જ જૈન ધર્મ છે, જેમાં રાગ, દ્વેષ, મોહ અને વિષયવાસનાનો વિરામ હોય છે. ક્રોધ-માન-માયા અને લોભની સમાપ્તિ થાય છે, ઈન્દ્રિયોના અને મનના વેગ ઠંડા પડે છે તથા ભોગૈષણા, લોકૈષણા અને વિત્તૈષણાનું દમન થાય છે તે જૈન ધર્મ છે. આવા ધર્મના પ્રરૂપક તીર્થંકર વિના બીજો કોઈ હોઇ શકતો નથી. કેમકે પોતાના અદમ્ય પુરૂષાર્થ વડે અને તપ-ત્યાગની ચરમ સીમાએ કરેલી આરાધનાના બળે નવા કર્મોના દ્વારને સંવર ધર્મ વડે સર્વથા બંધ કરીને પોતાના જૂના કર્મોના સૂક્ષ્માતિસૂક્ષ્મ એક એક આવરણ પરમાણુને બાળી ખાખ કરી દીધા હોય છે. માટે જ કેવળજ્ઞાનના માલિક તીર્થંકર દેવાધિદેવનો પ્રરૂપિત ધર્મ જ સર્વોત્કૃષ્ટ ધર્મ છે. ગૌતમસ્વામીએ પૂછ્યું કે આવો ધર્મ શી રીતે પ્રાપ્ત થાય? તેનું મૂળ કારણ શું?

(૩) બોધિલાભ :

અનાદિ અનંત સંસારમાં ચક્રવર્તીપદ કે ઇન્દ્રપદ પણ ઉત્કૃષ્ટતમ પુણ્યના જોરે પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ બોધિલાભ (સમ્યક્ત્વ) માટે પુણ્યબળ કામ નથી આવતું, પણ પોતાની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મોક્ષાભિલાષિણી પુરૂષાર્થ શક્તિ જ કામે આવે છે. કારણ કે સંખ્યાતા–અસંખ્યાતા ભવમાં ઉપાર્જિત કરેલી અને અનંતાનંત કર્મોના કારણે ભેગી થયેલી અનંતાનુબંધી કષાયોની મોહ–માયાને ભગાડી નાખવા માટે કે દબાવી દેવાને માટે આત્માનું અનિવૃત્તકરણ જ મુખ્ય કારણ રૂપે હોય છે.

પુરુષાર્થી બનેલો આત્મા અનંતાનુબંધી કષાયોની માયા સાથે જ્યારે જબરદસ્ત રણ-મેદાન ખેલીને કાળીનાગણ કરતાં પણ ભયંકર આ માયા નાગણને દબાવી દે છે, ત્યારે તે માયાની શક્તિ લગભગ ઘણા મોટા ભાગે ક્ષીણ થતાં એક કોડાકોડી જેટલા કર્મો શેષ રહે છે અને શેષ ક્ષીણ થાય છે. તે સમયે આત્માને જ્ઞાનનો પ્રકાશ મળે છે, જે અભૂતપૂર્વ હોય છે. આવો પ્રકાશ પામેલો આત્મા જ બોધિલાભનો માલિક બને છે.

અનંતાનુબંધી કષાયોને દબાવ્યા વિના કે ક્ષય પમાડ્યા વિના મોહરાજાના સૈનિકોનું જોર કોઈ કાળે પણ ઓછું થતું નથી. ત્યારે મોહ-રાજાનો માર ખાઈને મડદાલ બનેલો આત્મા પણ લગભગ મડદાલ જેવો જ હોય છે. તેથી બોધિલાભને માટે કષાયોનું દમન તથા મારણ જ મુખ્ય અને અજોડ કારણ છે.

ઇન્દ્રપદ મેળવીને કબૂતરોની જેમ ઉડતાં પર્વતોની પાંખો કાપવી સરળ છે, ચક્રવર્તી કે વાસુદેવ પદના ભોક્તા બનીને લાખો કરોડો માનવોને યમસદનના અતિથિ બનાવવા પણ કઠિન નથી ભોગવિલાસોમાં પૂર્ણ મસ્ત બનીને જીંદગી પૂર્ણ કરવી એ પણ સુલભ છે અને વ્યાપારમા છલ–પ્રપંચ દ્વારા લાખો કરોડો રૂપીયાની માયા ભેગી કરવી, અને તેના ભોગ વટામાં જીવનયાપન કરવું તે પણ સુલભ છે, પરંતુ પોતાના આત્માનું દમન, કષાયોનું શમન, ઇન્દ્રિયોનું મારણ, વૃત્તિઓનું નિરસન કરવું અત્યંત કઠણ છે. છતાં પણ મોક્ષાભિલાષી ભાગ્યશાલી સરળતાથી કરી શકે છે.

ગૌતમસ્વામીએ ભગવાનને પૂછ્યું કે હે પ્રભો ! બોધિલાભની પ્રાપ્તિમાં મૂળકારણ શું છે?

(૪) અનગાર ધર્મ :

ધર્મપત્ની જેને હોય તે ગૃહસ્થાશ્રમી કહેવાય છે. અને ગૃહિણી જ ઘર છે. આવું ઘર જેને નથી તે અનગાર છે.

માંડેલા ગૃહસ્થાશ્રમને બંને પરિગ્રહો અવશ્યં ભાવી છે હાટ, હવેલી, પુત્ર, પરિવાર, ધન, ધાન્ય, સોનુ–ચાંદી અને કપડા આદિનો પરિગ્રહ દ્રવ્યપરિગ્રહ છે. આની વિદ્યમાનતામાં જ અનિ-ચ્છાએ પણ રાગ–દ્વેષની વિદ્યમાનતા નકારી શકાતી નથી, માટે ક્રોધ, માન, માયા, હિંસા, જુઠ આદિ ભાવપરિગ્રહ છે.

ઉપર પ્રમાણેના બંને પરિગ્રહોનો ભાવ-પૂર્વકનો ત્યાગ જે ભાગ્યશાળીઓએ કર્યો હોય તે અનગાર, મુનિ સર્વવિરતિધર અને શ્રમણ કહેવાય છે.

આકાશમાં રહેલા નવે ગ્રહોની તુષ્ટિ–પુષ્ટિ શક્ય હોય છે. પણ આશા–તૃષ્ણા આકાશ જેટલી અનંત હોવાથી પરિગ્રહ નામક ગ્રહ સર્વથા દુસ્ત્યાજ્ય છે.

પરંતુ સમ્યગ્દર્શનના પ્રકાશમાં જેમનો આત્મા પ્રવિષ્ટ થઈ ગયો છે, તેવા પુરૂષાર્થીને પોતાના આત્માથી સર્વથા અતિરિક્ત પૌદ્ગલિક પદાર્થોનો ત્યાગ સુસાધ્ય બને છે, તથા તે પ્રકાશમાં સમ્યગ્જ્ઞાન જેમ જેમ વધે છે તેમ તેમ સમ્યક્ચારિત્રનું પ્રાબલ્ય પણ વધતું રહે છે, અને તેમ થતાં कोहमुंडे, मानमुंडे, माया-मुंडे અને લોભમુંડે અર્થાત્ કેશોના લુંચનની જેમ પોતાના આત્મામાં અનાદિ કાળથી સ્થિતિ જમાવીને રહેલા—

ક્રોધનું પણ મુંડન કરે છે.

માનને પણ ઉખેડી મારે છે.

માયાના જાળાને તોડી ફોડી નાખે છે અને લોભ રાક્ષસને તે મારી નાખે છે.

આ રીતે દ્રવ્ય અને આન્તર પરિગ્રહનો ત્યાગી જ અનગાર કહેવાય છે. (અપૂર્ણ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુષ્પપુજા કરનાર હરિ

લેખક-
જિનદાસ મણીલાલ દોશી

મુંજ નામે નગરીમાં હરિ નામે એક ગરીબ માણસ રહેતો હતો. નગરીના ભવ્ય જિનાલયની બહાર એક માલણ ફુલ વેચવા બેસતી હતી.

હરિ એક દિવસ પ્રભુનાં દર્શન કરવા ગયો ત્યારે તેણે એક દોકડાની પૂષ્પમાળા ખરીદી અને પછી હરિએ પ્રેમથી ફુલની માળા પ્રભુને પહેરાવી, પછી હરિએ પ્રેમથી પ્રભુની પુજા કરી.

હરિએ ભાવથી અનેરૂં પુણ્ય મેળવેલ. તેથી તે શ્રીમત બન્યો.

હરિએ ધનનો સદ્‌વ્યય કરી કેટલાએ દીનદુઃખી અને અનાથોને આર્થિક સહાય કરીને હરિએ સાધર્મિક ભક્તિ કરી.

ભક્તિને કારણે હરિ મરીને અવંતિ નગરીના રાજાનો પુત્ર બન્યો. પછી પણ તેણે પ્રભુભક્તિ કરી.

કુલ સાતવાર હરિ રાજકુમાર બનશે અને દરેક વખતે પ્રભુ ભક્તિ કરશે, અંતે તે મોક્ષે જશે.

ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન;
ભાવે જિનવર પુજીએ, ભાવે કેવળજ્ઞાન.

કરોડ રૂપિઆ આપવાથી પણ સિદ્ધિસુખ ખરીદી શકાતું નથી. તે જ સિદ્ધિસુખનો અધિકાર હરિએ પ્રભુને ૧ દોકડાની પૂષ્પમાળા પહેરાવી મેળવ્યો. તેનું કારણ તેના આત્માના પ્રભુ ભક્તિના ઉત્તમ ભાવો હતા.

પ્રબલ પુણ્ય હોય ત્યારે જ પ્રભુની પુજા કરવાનું મન થાય છે. પ્રભુપુજા કરતાં પવિત્ર ભાવના રાખવી.

*With best compliments from :*

**Steelcast Bhavnagar Private Ltd.**

Manufacturers of :
STEEL & ALLOY STEEL CASTINGS

Ruvapari Road,
BHAVNAGAR 364 001
( Gujarat )

Gram : STEELCAST
Telex : 0162-207
Phone : 5225 (4 Lines)



For Private And Personal Use Only

# શાપરીઆ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઇફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બોયન્ટ એપરેટસ

વિગેરે ..................

શીપ

બીલ્ડર્સ

અને

એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ

વિગેરે ..................

# શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.

# પ્રાઇવેટ લીમીટેડ

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેક્ટર : શ્રી અમૃતલાલ ભાણજીભાઇ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ–૧૫ (ડી. ડી.)
ફોન : ૪૪૮૩૬૧, ૪૪૮૩૬૨, ૪૪૩૧૩૩
ગ્રામ : 'શાપરીઆ' શીવરી–મુંબઈ

એન્જીનીયરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઈ–૧૨ (ડી. ડી.)
ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ–મુંબઈ





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મારી વિનતી

રચયિતા : પુનિત મહારાજ



વ્હાલા મારા હૈયામાં રહેજે,
ભૂલું ત્યાં તું ટોકતો રહેજે,
માયાનો છે કાદવ એવો,
પગ તો ખૂંચી જાય;
હિંમત મારી કામ ન આવે,
તું પકડજે બાંહ્ય....વ્હાલા મારા૦

મરકટ જેવું મન અમારૂં,
જ્યાં ત્યાં કુદકા ખાય;
મોહ મદિરા ઉપર પીધો,
ને પાપે પ્રવૃત્ત થાય...વ્હાલા મારા૦

દેવું પતાવવા આવ્યા જગમાં,
દેવું વધતું જાય;
છુટવાનો એક આરો હવે તો,
તું છોડે છુટાય....વ્હાલા મારા૦

'પુનિત'નું આ દર્દ હવે તો,
મુખે કહ્યું નવ જાય;
સોંપી મેં તો તારા ચરણમાં,
થવાની હોય તે થાય...વ્હાલા મારા૦

× × ×

વિનતી માહરી આજ પ્રભાતની,
નાથ અંતર મહીં આપ ધરજો;
આજની જીંદગી રાત સુતા લગી,
ચિત્તડે ચરણની પ્રીત ભરજો. વિનતી૦

રહેવું સંસારમાં મનુષ્ય અવતારમાં,
જળ અને કમળની જેમ રાખો;
પાળું મુજ ધર્મને, કરૂં સૌ કર્મને,
ફળ તણી આશથી દૂર રાખો.
....વિનતી૦

સુખી રહું સુખમાં, સુખી રહું દુઃખમાં,
સુખ ને દુઃખના ભેદ ટાળો;
પાંખમાં રાખીને દુઃખડાં કાપીને,
જાણુ અજાણનાં પાપ ટાળો.....વિનતી૦

ન્હાઉં સત્સંગમાં, રાચું એ રંગમાં,
અંગમાં ભક્તિનાં પૂર ભરજો;
ઈચ્છું કલ્યાણ હું મિત્ર-દુશ્મન તણું,
જગતનું નાથ કલ્યાણ કરજો....વિનતી૦

આંખ છે આંધળી તુજ શું ના ઢળી,
તે છતાં હે હરિ લક્ષ લેજો;
દોડતા આવીને 'પુનિત' સંભાળીને,
અંતમાં દર્શને બાપ રહેજો....વિનતી૦

× × ×

નાથ હું જેવો તેવો પણ તારો,
મને રંકને પાર ઉતારો;
જોગ ધ્યાનને જપ તપ તીરથ,
નાથ નથી રે નીપજતાં;
મનડું પાપી મારે કુદકા,
ભગવત તુજને ભજતાં. નાથ૦
મધ્ય દરિયે જીવ મચ્છ મુંઝાણો,
તૃષ્ણાને નથી તજતો;
સામે ભાળે કાળ ખડો પણ,
નફ્ટ કાંઈ નથી સમજતો. નાથ૦
અંતરની દુગ્ધાને વારે,
તન મન વ્યાધિ ટાળે;
દેવ દયાનિધિ નવીન પાપીને,
આપ વિના કોણ તારે. નાથ૦

('અમીરસ ઝરણા'માંથી)

* * *

હાયકું

જ્ઞાન, ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઉતરે ભવપાર.

ખાણ મુત્રને મળની,
રોગ જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને,
માન ત્યજીને સાર્થક આમ.

—શ્રીમદ્ રાજચંદ્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ભાષાના વિકાસમાં જૈનોએ ભજવેલો ભાગ

લેખક-કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

ભાષા તથા સાહિત્ય સંબંધે સુભાગ્યે ભૂત કે વર્તમાન કાળમાં જૈનો અને જૈનેતરો વચ્ચે કોઈ રીતનું જુદારું-કોઈ પણ પ્રકારનો ભિન્નભાવ-જોવામાં આવતાં નથી. જૈનો અને જૈનેતરો ગુજરાતી જ બોલતા-લખતા આવ્યા છે, તેમણે ગુજરાતીને જ પોતાની માતૃભાષા ગણી છે. સંપ્રદાય જુદા હોવાથી ભાષા જુદી પાડી નાંખી નથી અને તેથી જ ગુજરાતી ભાષાના બંધારણમાં, ગુજરાતી ભાષાના વિકાસમાં, ગુજરાતી સાહિત્ય ખેડવામાં અને ગુજરાતી સાહિત્યની ઉન્નતિ માટે તલસવામાં તેમણે બંનેએ એક સરખો શ્રમ ઊઠાવી ફાળો આપ્યો છે. આપણી ભાષા અને આપણા સાહિત્યનો જૂના સમયથી અત્યાર સુધીનો ઇતિહાસ જો ખરી રીતે જાણવો હોય, ભાષા અને સાહિત્યનું ખરું મૂલ્ય આંકવું હોય તો જૈનો અને જૈનેતરો બંનેનો ફાળો ધ્યાન બહાર રખાય નહિ, એવો પૂર્વે વખતોવખત મારો અભિપ્રાય જણાવતો રહ્યો છું. જૈન ભંડારોમાં સંગ્રહિત રહેલ સાહિત્યની સામગ્રી જેમ જેમ બહાર આવતી જાય છે તેમ તેમ અત્યાર સુધીની માન્યતા કે જૈનેતરો જ, શિવમાર્ગી, વિષ્ણુમાર્ગી, શક્તિમાર્ગી વિગેરેએ ગુજરાતના સાહિત્યનું કલેવર ઘડવામાં મુખ્ય ફાળો આપ્યો છે ને જૈનોનો ફાળો ગૌણ છે, એ ફેરવવા માટે ઘણાં સાધનો મળતાં જાય છે. એ ભંડારોની વિપુલતા જોતાં અને હજુ તેમાંનાં ઘણા ગ્રંથો પ્રસિદ્ધિમાં આવી શકયા નથી તે જોતાં વસ્તુસ્થિતિ ફેરવાઇ જવાનો સંભવ રહે છે; એટલે કે બ્રાહ્મણો, વૈશ્યો વિગેરે જૈનેતરોએ આપેલો ફાળો ગૌણ રૂપ પકડે ને જૈનોએ આપેલો ફાળો મુખ્ય ગણાય. જૈન સાધુ અને મુનિઓને, એટલે જૈન કોમના પંડિતો અને વિદ્વાનોને, જૈન સમાજના બંધારણનો વિશેષ લાભ મળતો. મતલબ કે તેમને ઉપજીવિકા અર્થે કોઈ રીતની ચિંતા રહેતી નહીં. ઉપાશ્રયમાં રહેવાનું અને ગોચરી કરી જમવાનું. બાકીનો સમય અધ્યયનમાં કાઢવાનો, એટલે એમને ફુરસદ ઘણી મળતી તે ફુરસદનો ઉપયોગ કરવા તેમણે એક જ ધ્યેય રાખ્યું લાગે છે: તે એ કે જેમ બને તેમ લોકભોગી સાહિત્ય લખતા રહેવું. સેંકડો રાસરાસાઓ, વાર્તાઓ, કથાઓ કે જે જૂના જૈન સાહિત્યમાં આપણે જોઇએ છીએ તે એ બાબતનો પૂરાવો પૂરો પાડે છે. આ સિવાય ઉચ્ચ કોટિનું તત્ત્વજ્ઞાન અને બીજી ફિલસૂફીના વિષયો ચર્ચી પણ તેમણે સાહિત્યના વિકાસમાં મોટો ફાળો આપ્યો છે; અને તે સંબંધેના ગ્રંથો પણ ધીમે ધીમે પ્રકાશમાં આવતા જાય છે. જૈનોની ગુજરાતી પ્રાચીન ભાષા જુદી હતી એમ કેટલાએકનું કહેવું છે. તેમ કહેવાનું એક કારણ એ હોવું જોઇએ કે જૈનોને હાથે રચાયેલા ઘણા ગ્રંથો અંધારામાં પડી રહેલા, તે હમણાં તેવી ને તેવી પ્રાચીન ભાષામાં પ્રસિદ્ધ થતા હોવાથી, આપણે એમ માનીએ છીએ કે તેમની અને જૈનેતરોની ભાષા જુદી હોવી જોઇએ; પરંતુ વસ્તુસ્થિતિ એવી છે કે તે જ પ્રાચીન સમયમાં જૈનેતરોને હાથે રચાએલા ગ્રંથો ઘણા સમય પૂર્વે પ્રસિદ્ધિમાં આવેલા હોવાથી, વખત જતાં ભાષાની પ્રાચીનતાનાં અંગો ખરી પડતાં ગયાં અને તે ગ્રંથો પ્રસિદ્ધ થતી વખતની પ્રચલિત ભાષાનાં અંશોને અનુસરી પ્રસિદ્ધ થતાં રહ્યાં. મતલબ કે જૈન પ્રાચીન ગ્રંથો મોડા પ્રસિદ્ધ થયા એટલે ભાષાની પ્રાચીનતા જાળવી રાખી શકયા; જૈનેતર ગ્રંથો ઘણા સમય પર પ્રસિદ્ધિમાં આવતાં પ્રાચીનતા ખોઈ બેઠા અને તેને લીધે બંનેની વાપરેલી ભાષા વચ્ચે કાંઈક ફરક દેખાય છે. હાલના જૈન લેખકો અને જૈનેતર લેખકો જે ભાષા વાપરે છે તે એક જ જાતિની-સમાન છે; આગલા વખતમાં પણ તેમ જ હોવું જોઇએ. કારણ બંનેને મળતાં શિક્ષણનું મૂળ એક જ હતું; સંસ્કૃત સાહિત્ય, અને તેથી તે શિક્ષણને પરિણામે દેશકાળને અનુસરી તેઓ ભાષા પણ સમાન જ વાપરે-વાપરવાને લલચાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વની મહાવિભૂતિ વિજયાનંદસૂરિવરનો અક્ષરદેહ

લેખક : સ્વ. આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ

જ્યારે જ્યારે પ્રજાના જીવનમાંથી પ્રાણ ઉડી જઈ પ્રજા નિશ્ચેતન બની જાય છે અને જ્યારે તેને સાચે જ એમ લાગે છે કે પોતે ઘોર અંધકારમાં ડૂબતી જાય છે, ત્યારે ત્યારે તેને પુનર્જીવન અથવા નવીન પ્રકાશ મેળવવા માટે પોતાની પ્રાચીન વિભૂતિઓ,—અર્થાત્ અસ્ત પામી ગએલ છતાં જીવતા-જાગતા પૂર્વ મહાપુરુષોની ઝગમગતી જીવનજ્યોતિનું દર્શન કરવાની ઉત્કંઠા થાય છે.

મહાપુરુષોની જીવનજ્યોતના પ્રવાહો સર્વતોગામી હોઈ તેનું સંપૂર્ણ દર્શન વિવેકપુરઃસર કરવાનું આપણા જેવા સાધારણ કોટિના દરેક મનુષ્યો માટે શક્ય નથી હોતું, એટલે એ જ્યોતનું આછું આછું ય દર્શન આપણ સૌને થાય અને આપણા સૌમાં નવેસરથી નવચેતન પ્રગટે, એ ઉદ્દેશથી આપણા સૌની વચમાં વસતા પ્રાણવંતા પ્રજ્ઞાશાળી મહાપુરુષો અનેક ઉપાયો યોજે છે.

આપણા પૂર્વ મહાપુરુષોએ સમ્યગ્જ્ઞાન-સદ્વિદ્યાની પ્રાપ્તિ, સમ્યગ્દર્શન-સત્ય વસ્તુની ઓળખ અને સમ્યક્ચારિત્ર-સદ્ગુણી જીવનની પ્રાપ્તિ માટે આજ સુધીમાં તિથિઓ, પર્વો, કલ્યાણક મહોત્સવો, અષ્ટાહ્નિકાઓ વિગેરે જેવા અનેક પ્રસંગો ઉપદેશ્યા-પ્રવર્ત્તાવ્યા છે. એ જ મહાપુરુષોનું અનુસરણ કરી આજના યુગમાં પણ જયંતી, શતાબ્દિ, જાહેર વ્યાખ્યાન આદિ જેવા અનેક શુભ પ્રસંગો ઊભા કરવામાં આવે છે જેથી પ્રજાજીવનમાંથી ઓસરી ગયેલા બાહ્ય અને આભ્યંતર જ્ઞાનાદિ ગુણોની ક્રમે ક્રમે પ્રાપ્તિ તેમજ વૃદ્ધિ થાય.

સ્વર્ગવાસી ગુરુદેવે પોતાના જીવનમાં જે અનેકાનેક સત્કાર્યો કર્યા છે તેમાં એ ગુરુદેવની ગ્રંથરચનાનો પણ સમાવેશ થઈ જાય છે. તેઓશ્રીની ગ્રંથરચના પ્રતિપાદક શૈલીની તેમજ ખંડન-મંડનાત્મક એમ બન્ને ય પ્રકારની છે. એ ગ્રંથોનો સૂક્ષ્મ રીતે અભ્યાસ કરનાર સહેજે સમજી શકે તેમ છે કે એ ગ્રંથોની રચના કરનાર મહાપુરુષ કેવા બહુશ્રુત તેમજ તત્ત્વગવેષક દૃષ્ટિએ કેટલા વિશાળ અને ઊંડા અભ્યાસી હતા! વસ્તુની વિવેચના કરવામાં તેઓશ્રી કેટલા ગંભીર હતા!! તેમજ ખાસ ખાસ મહત્ત્વના સારભૂત પદાર્થોનો વિભાગવાર સંગ્રહ કરવામાં તેમને કેટલું પ્રખર પાંડિત્ય વર્યું હતું!!!

ગુરુદેવની ગ્રંથરચનામાં તત્ત્વનિર્ણયપ્રાસાદ, જૈનતત્ત્વાદર્શ, અજ્ઞાનતિમિરભાસ્કર, નવતત્ત્વ, જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર, ચિકાગો પ્રશ્નોત્તર, સમ્યક્ત્વશલ્યોદ્ધાર, પૂજા-સ્તવન-સજ્ઝાય-ભાવનાપદસંગ્રહ વગેરે ગ્રંથો પ્રધાન સ્થાને છે. આ બધાય ગ્રંથો એ ગુરુદેવે જનકલ્યાણાર્થે હિંદી ભાષામાં જ રચેલા છે, જેના અભ્યાસ અને અવલોકન દ્વારા દરેક સામાન્ય મનુષ્યો જૈનધર્મ તેમજ ઇતર ધર્મોનાં તત્ત્વોને અને તેના સારાસારપણાને સહેજે સમજી શકે.

સ્વર્ગવાસી ગુરુદેવની સર્વવ્યાપી યશઃકીર્ત્તિને નહિ સહી શકનાર કેટલાક મહાનુભાવો ઉપર જણાવ્યા પ્રમાણે એ ગુરુદેવે સંસ્કૃત-પ્રાકૃતાદિ ભાષામાં કોઈ ગ્રંથની રચના ન કરતાં માત્ર હિંદી ભાષામાં જ બધા ગ્રંથોની રચના કરી છે, એ કારણ આપી તેઓશ્રીમાં 'ખાસ ઊંડો અભ્યાસ ન હોવા'ની વાતો કરી આત્મસંતોષ મનાવે છે; એ વાતનો પ્રતિવાદ કરવા ખાતર નહિ પણ એ સ્વર્ગવાસી ગુરુદેવમાં વાસ્તવિક રીતે કેટલું ઊંડું જ્ઞાન, કેટલી પ્રતિભા અને કેટલું ગંભીર આલોચન હતાં, એ જાણવા માટે આપણે સહજ પ્રયત્ન કરીએ એમાં વધારે પડતું કશું જ નથી.

સ્વર્ગવાસી ગુરુદેવે રચેલા મુખ્ય ગ્રંથોની અમે ઉપર જે નામાવલી આપી ગયા છીએ તેમાં જે સંખ્યાબંધ આગમ અને શાસ્ત્રોની વિચારણાઓ ભરેલી છે એ દ્વારા તેઓશ્રીના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બહુશ્રુતપણાની તેમ જ વિજ્ઞાન અને ઊંડા આલોચનની આપણને ખાત્રી મળી જાય છે, તેમ છતાં આપણે તેઓશ્રીના સંગ્રહિત જ્ઞાનભંડારો-પુસ્તકસંગ્રહો તરફ નજર કરીએ તો આપણને તેઓશ્રીના ગંભીર વિજ્ઞાનની સવિશેષ ઝાંખી થઈ જાય છે.

સ્વર્ગવાસી ગુરુદેવના જ્ઞાનભંડારમાં તેમના સ્વહસ્તે સંશોધિત અનેકાનેક ગ્રંથો છે તેમાં 'સન્મતિતર્ક' શાસ્ત્રની હસ્તલિખિત પ્રતિને એ ગુરુદેવે પોતે વાંચીને સુધારેલી છે. એ સુધારેલા પાઠોને મુદ્રિત સન્મતિતર્કના સંપાદકોએ તેની ટિપ્પણીમાં ઠેકઠેકાણે સ્થાન આપ્યું છે, જે ગ્રંથના અધ્યયન માટે હજારો રૂપિયાનું ખર્ચ કરી નાખવા છતાંય આજે કોઇ જૈન સાધુ ખરી રીતે એમાં પાર પાડી શકયા નથી. એ ગ્રંથનું વાંચન-અધ્યયન, મનન અને લેખન સ્થાનકવાસી સમાજમાંથી આવેલ એક વ્યક્તિ, પોતાની સ્વયંપ્રતિભાને બળે સન્મતિતર્ક જેવાં શાસ્ત્રોના મહત્તાને સમજી પોતાના જીવનની ટૂંક કારકીર્દીમાં કરે એ કરતાં એ સ્વર્ગવાસી મહાપુરુષની પ્રતિભાનું અને તેઓશ્રીની વિજ્ઞાનશક્તિનું જ્વલંત ઉદાહરણ બીજુ શું હોઈ શકે? જે મહાપુરુષ આવા મહર્દ્ધિક ગ્રંથોના અધ્યયન-મનન માટે જીવતી પ્રવૃત્તિ કરે એ મહાપુરુષમાં તર્કવિદ્યાવિષયક સ્વયંપ્રતિભાજનિત કેટલું વિશદ પાંડિત્ય હશે એ સ્પષ્ટ કરવાની આ ઠેકાણે આવશ્યકતા રહેતી નથી.

પંજાબ દેશમાં આજે સ્થાન સ્થાનમાં સ્વર્ગવાસી ગુરુદેવના વસાવેલા વિશાળ જ્ઞાનભંડારો છે. પંજાબ આખામાં દીપતા જ્ઞાનભંડારો જો કોઇ હોય તો તે ગુરુદેવના વસાવેલા આ જ્ઞાનભંડારો જ દીપતા છે. એ ભંડારોમાં સાર સાર ગ્રંથોનો સંગ્રહ કરવા આપણા ગુરુદેવે અથાગ પ્રયત્ન કર્યો છે. ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમાન્ યશોવિજયોપાધ્યાયકૃત પાતંજલયોગદર્શન ટીકા, અનેકાંતવ્યવસ્થા આદિ જેવા અનેકાનેક અલભ્ય દુર્લભ્ય પ્રાસાદગ્રંથોની નકલો આ ભંડારોમાં વિદ્યમાન છે આજે આ ગ્રંથોની નકલો બીજે કયાંય જોવામાં નથી આવતી. સ્વર્ગવાસી ગુરુદેવે પોતાના વિહાર પરિભ્રમણ દરમિયાન ગામ ગામના જ્ઞાનભંડારોની બારીકાઈથી તપાસ કરતાં જ્યાંથી મળી આવ્યા ત્યાંથી તે તે ગ્રંથોના ઉતારા કરાવ્યા છે અહીં આપણે માત્ર એટલું જ જોવાનું છે કે એ ગુરુદેવમાં અપૂર્વ સાહિત્યને પારખવા માટે કેટલી સૂક્ષ્મેક્ષિકા હતી! જો ગુરુદેવના ભંડારોને બરાબર બારીકાઇથી તપાસવામાં આવે તો તેમાંથી આપણે કેટલીયે અપૂર્વતા જોઈ તારવી શકીએ

અંતમાં ટૂંકમાં અમે એટલું જ કહીએ છીએ કે જ્યારે જ્યારે પ્રજામાં ધાર્મિક તેમજ નૈતિક નિશ્ચેતનતા પ્રગટે છે ત્યારે ત્યારે તેનામાં પ્રાણ પૂરવા માટે એકાદ અવતારી પુરૂષ જન્મ ધારણ કરે છે, તેમ સ્વર્ગવાસી ગુરુદેવે અવતાર ધારણ કરી જૈન પ્રજામાં અનેક રીતે પ્રાણ પૂર્યા છે. જે જમાનામાં તેઓશ્રીએ ગુજરાતની ધરા ઉપર પગ મૂકયો ત્યારે જૈન સાધુઓની સંખ્યા અતિ અલ્પ હતી, તેમાં શાસ્ત્રજ્ઞો ગણ્યા ગાંઠ્યા હતા, દેશ વિદેશમાં જૈન સાધુઓનો પ્રચાર અતિવિરલ હતો, તેવે સમયે આ બધી બાબતોમાં એ ગુરુદેવે પોતાની પ્રતિભા દ્વારા સંગીન ઉમેરો કર્યો છે. એમની પ્રતિભાને બળે જ શ્રીમાન્ વીરચંદ રાઘવજી ગાંધી ચિકાગોની સર્વ ધર્મ પરિષદમાં જઈને જૈનધર્મના તત્ત્વોને વિશ્વના મેદાનમાં રજુ કરી શકયા છે.

એ સ્વર્ગવાસી પરમપવિત્ર ગુરુદેવના અગમ્ય તેજને પ્રતાપે આપણે સૌ વર્તમાન યુગને અનુરૂપ ધર્મસેવા, સાહિત્યસેવા અને જનસેવા કરવાનું બળ મેળવીએ એટલું ઇચ્છી વિરમીએ.

## જ્ઞાની એ સર્વશ્રેષ્ઠ


અજ્ઞાની કરણી એસી, અંક વિન શૂન્ય સારે મેં<br>
અજ્ઞાની વર્ષ એક કોટી મેં, કરમ નિકંદન ભારે મેં<br>
જ્ઞાની શ્વાસોશ્વાસ એકમેં, ઈતને કરમ વિદારે રે.

—શ્રી વિજયાનંદસૂરિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નીતિને માર્ગે દ્રવ્ય રળનારા વિરલા જ હોય

લેખક : કુમારપાળ દેસાઇ

( ગુજરાત સમાચારના ' ઈંટ અને ઈમારત ' વિભાગમાંથી સાભાર ઉધ્ધૃત. )

પૈસો એ માણસની નીતિ માટે કસોટીનો પથ્થર છે. એ પથ્થર પર ઠોકર ખાઇને નીતિનાં કોણ જાણે કેટલાય અમૂલખ નાવ જલશરણ થયાં છે.

નીતિને માર્ગે દ્રવ્ય ખર્ચનારા ઘણા શ્રીમંત મળી આવશે, પણ નીતિને માર્ગે દ્રવ્ય રળીને શ્રીમંત થનાર વિરલા જ હશે.

એવો એક વેપારી હતો, મુંબઈની બજારમાં.

હતો તો સાવ જુવાનીયો પણ ધંધામાં કુશળ. અનાજ, કાપડ ને કરિયાણાથી ધંધાની શરૂઆત કરી અને આજે મોતી અને ઝવેરાતનાં મૂલ મૂલવતો થયો હતો.

આ ધંધાદારી માણસ એકસાથે બે ધંધા કરતો.

એક વેપારી પેઢીનો, બીજો ધર્મનો.

વેપાર કરવા દુકાને બેસે, પણ મનમાં ચિંતવન ધર્મનું હોય, તત્ત્વનું હોય, વિદ્યાનું હોય.

દુકાનમાં હિસાબી-કિતાબી ચોપડાના ખડકલા પડ્યા હોય પણ એ સાથે ધર્મગ્રંથો પણ પડેલા હોય, રોજનીશી પણ હોય.

ચોપડામાં ધંધાનું જમે-ઉધાર લખે.

ડાયરીમાં આત્માનું જમે-ઉધાર ચીતરે.

પણ આવા ધરમી વેપારી તો ઘણા જોયા છે દેખાય ઉજળા ફુલ જેવા પણ ચંદ્રમામાં સાદી નજરે કાળાં ધાબા કળાય એમ એમના જીવનમાં ઘણાં ધાબાં દેખાય. આખો દહાડો ધરમ કરમ કરે, ને કોઈ હાથમાં આવ્યો તો સસ્તો ન છોડે, ત્યાં ન્યાય, નીતિ, ધર્મ, પ્રમાણિકતાને છોડી; નેવે ચઢાવી દે, ધંધો ને ધરમ જુદો એમ માને, હાથીદાંત જેવો ઘાટ રચે.

વેપારી માટે એટલે જ કહેવાય છે કે મુખમાં રામ, બગલમાં છરી ! બલકે ઘણા કુશળ લોકોની એવી માન્યતા છે કે ધર્મનો બુરખો ધારણ કરવાથી ધંધો બમણો ચાલે. જેમ ઘસીને પાલીશ કરવાથી ગમે તેવું હલકું લાકડું પણ સાગ સીસમમાં ખપી જાય તેમ

પણ આ વેપારી સાવ જુદા સ્વભાવનો.

લોકો કહેતા : "ભાઈ ! એ તો ખરે ખબર થશે."

આ વેપારી રોજ ડાયરીમાં લખે. એમાં કંઈ કંઇ વાતો લખે, કંઇ કંઈ કવિતાઓ રચે.

'ત્યાં આવ્યો ઉદય કારમો રે !
પરિગ્રહ કાર્ય પ્રપંચરે !
જેમ જેમ તે હડસેલીએ,
તેમ વધે, ન ઘટે એક રંચ રે !'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોક કવિતા સાંભળીને ડોલી જતાં પણ સંકલ્પ-વિકલ્પ લોક કહેતાં કે તત્ત્વજ્ઞાન કરતાં સુવર્ણની કિંમત વધારે છે. ન મળી નારી તો બાવા બ્રહ્મચારી ! લક્ષ્મીદેવીનાં પગલાં થવા તો દો, પછી આ પોથાં થોથાં પૂજાના પાટલે પડ્યાં પડ્યાં રજે ભરાશે. એ તો ખરે ખબર થાય.

એ જુવાન વેપારીની ધર્મની વૃત્તિ વધવા લાગી, એમ ધંધામાં વિકાસ થવા લાગ્યો. રંગૂનના ચોખાનો વેપાર ઉપાડ્યો.

આ વેપાર એનો ખૂબ સમય લઈ જતો પણ વેપારમાંથી છુટ્યાં કે કોઈ અજાણ્યા સ્થળોમાં જઇને એ ભરાઇ જતો. દુકાનનાં માણસોને સૂચના આપતો કે ભાવમાં ગમે તેટલી હેરફેર થાય, મને પત્ર ન લખતા.

લોકો કહેતા કે છ મહિનામાં બાર મહિનાનું કમાઇ લીધું, હવે છ મહિના આરામ કરો, નહિ તો શરીર ક્યાંથી ટકે ?

પોતે લગ્ન કર્યું અને રોજનીશીમાં લખ્યું.

"સ્ત્રી એ સંસારનું સર્વોત્તમ સુખ માત્ર આવરોણક દૃષ્ટિથી લખાયું છે. પણ તે તેમ નથી જ."

વળી લખે છે !

"સ્ત્રીમાં દોષ નથી, દોષ આત્મામાં છે. એ દોષ જવાથી આત્મા જે જુએ છે, તે અદ્ભુત આનંદરૂપ જ છે !"

વળી લખે છે :

"મહાન આત્માઓ દેહ બે કારણને લઇને ધારણ કરે છે. એક સંચિત કર્મ ભોગવવા અર્થે, બીજું જીવોના કલ્યાણ અર્થે. તથાપિ તે બંનેમાં પ્રાપ્ત થયેલ પરિસ્થિતિમાં ઉદાસીન-પણે રહે છે."

સંસાર તો અજબ છે. પ્રશ્નકારો પૂછી બેસતા :

"આપ સન્યાસીના જેવી દશા ભોગવો છો, પછી ઘર તેમજ વેપારવ્યવહાર શી રીતે ચલાવી શકો છો ?"

એ જવાબ આપતાં ખૂબ જ તળપદું દૃષ્ટાંત આપીને એ કહેતાં :

"એમાં તે વળી શું છે ? એ તો સહજ છે. શૌચ જવા માટે શૌચઘરમાં જનારની પેઠે ત્યાં જતાં શૌચઘર પર પ્રેમ રાખીને કોઈ બેસી રહેતું નથી. બેસી રહેવા ઇચ્છતું નથી. એ પ્રમાણે વર્તીએ એટલે કશી જંજાળ વળગે નહિ.

ઘણા છીંછરા લોકો એમની મશ્કરી પણ કરતાં. એક શ્રીમંત ભાઈ ધર્મચર્ચા કરવા ગયા. જાણે ધર્મનું બકાલું વહોરવા ગયા હોય તેમ આરામખુરશી પર પડ્યા પડ્યા સિગારેટ ફૂંકતા ફૂંકતા બોલ્યા :

"અરે ! આ તમારો મોક્ષ કેમ મળે ?"

સાધક વેપારીએ કહ્યું : "આ જ સ્થિતિમાં, તમે જેમ બેઠા છો તેમ, હાથપગ હલાવ્યા વગર સ્થિર થઈ જાઓ તો તરત તમારો મોક્ષ થઈ જાય."

ધર્મનું બકાલું ખરીદવા નીકળેલા શ્રીમંત ચૂપ થઇ ગયા.

એવી હતી એ વેપારીની રીત ! બેધારી તલવાર પર એ ચાલતો હતો.

એક વખત આ વેપારીએ બીજા વેપારી સાથે સોદો કર્યો.

સોદો ઝવેરાતનો હતો. અઢી લાખનું ઝવે-રાત અમુક ભાવે અમુક દિવસે આપવું. બંને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પક્ષ તરફથી લખાણ થયું, સહી સિક્કા થયા, સોદો પાકો થયો.

પણ કોણ જાણે કેમ નસીબ પેલા વેપારીને રોવરાવવાનું હશે તે ઝવેરાતના ભાવ દિન–પ્રતિદિન વધવા લાગ્યા.

કુદકે ને ભુસકે વધવા લાગ્યા.

સામા વેપારીને આશા હતી કે ઝવેરાત પુરું પાડવાની સમયમર્યાદા આવતા સુધીમાં ભાવ ઠેકાણે આવી જશે. પણ ભાવ તો ભાવ ખાવા લાગ્યા, ઠેકાણે ન આવ્યા તે ન આવ્યાં.

સામા વેપારીને હજારોની ખાધ આવી ઉભી.

માલ આપવાનો સમય નજીક આવી ગયો. વેપારીએ કહ્યું.

'ભાઈ! બજારનો રંગ તો જુઓ છોને! માલ પૂરો પાડવાની ચિંતામાં મારું હૈયું કોરી ખાય છે. થોડો વખત ખમી ખાઓ.

"શું ખમી ખાઉં ? મને પણ એ જ ચિંતા પેઠી છે" ધર્મનિષ્ઠ વેપારીએ કહ્યું: "હું તમારી પાસે આવવાનો હતો જ."

"આવ્યા હોત તો આંખમાથા પર હતા, મારૂં જોર કંઇ ચાલત નહિ, પણ હજી બે દિવસની મુદત આપો.'

"અરે ભલા માણસ! મુદતની વાત કેવી? જે ચિતા મને અને તને પકડી બેઠી છે, એને વળી વધારે વખત ક્યાં આપવો, એ તો કર્યા એ કામ, અને ભજ્યા એ રામ!" ધર્મનિષ્ઠ વેપારીએ સોદો તરત પતાવવા આગ્રહ કર્યો.

"આહ અટલી અધીરાઇ!" સામો વેપારી બોલ્યો, અને તે મનમાં બબડ્યો કે તમારા તત્ત્વજ્ઞાનને આજ પિછાણી લીધું. ધરમકરમની તો ખરે ખબરું થાય!

ધર્મી વેપારીએ કહ્યું "અધીરાઈ સ્વભાવિક છે માથે લટકતી તલવાર રાખીને કોને ઊંઘ આવે?"

"તો પછી હું જાઉં છું. બંદોબસ્ત કરું છું, મારું જે થવાનું હશે તે થશે" વેપારીએ કહ્યું.

"આ દસ્તાવેજ તો બરાબર છે ને!" ધર્મનિષ્ઠ વેપારીએ દસ્તાવેજ પેટીમાંથી કાઢીને બતાવતાં કહ્યું.

"હું ક્યાં ના કહુ છું? બરાબર છે. સાત વાર બરાબર છે." સામો વેપારી બોલ્યો.

"લટકતી તલવાર તો આની જ છે ને?"

"હા, મારૂં ગળુ કાપવું હોય તો કાપી નાખો એનાથી" સામો વેપારી ખિજાઈ ગયો.

"ચિંતા માત્ર આ કાગળમાં જ છે ને? ધર્મિષ્ઠ વેપારીએ વળી કહ્યું.

સામો વેપારી મૂગો રહ્યો, એને આ તત્ત્વજ્ઞાની પર ચીડ ચડી હતી.

"ભય માત્ર આનો જ છે ને? ભય એ હું ટાળી દઉં છું"ને પેલા ધર્મનિષ્ઠ વેપારીએ કાગળના બે ચીરા કર્યા–ચાર ચીરા કર્યા. વળી ચાર ઊભા ચીરા કર્યા, વળી ચાર આડા ચીરા કર્યા. આગળ વધીને એ ચીરા પેલા વેપારીને આપતાં કહ્યું :



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

“ આ પાણીના પ્યાલામાં એને પલાળીને પેલી બાટલીનો બુચ બનાવી દો. ”

સામો વેપારી સડક જ થઇને ઉભો રહ્યો. એ બોલ્યો :

“અરે ! આ તો અઢી લાખનું કાગળિયું છે.”

“ ભલે તે પાંચ લાખનું હોય. તમે છુટા હું છુટો. ભાવ વધ્યો ત્યારથી મને ઊંઘ આવતી નહોતી. મનમાં થતું કે આ સોદો શી રીતે પૂરો થશે ? વેપારી વેપાર કરે, કમાય પણ સામાને ખુવાર તો ન કરે. મારા મનમાં આ દાહ લાગ્યો હતો. આ માટે તમને જલદી મળવા ઈચ્છતો હતો. ”

સામો વેપારી પૂતળા જેવો થઈ ગયો હતો. એનું મન દ્વિધામાં પડી ગયું હતું શું સાચું ? આ કે તે ?

થોડીવારે એ બોલ્યો :

“ તમે તે વેપારી છો કે સાધુ ? ”

“ હું સાધુ નથી વેપારી છું. વેપારીને પણ નીતિ ધર્મના સાધુ જેવાં વ્રતો હોય છે. વેપારી વેપારમાં દૂધ પીએ પણ માણસનું લોહી તો કદિ ન પીએ. ”

સામો વેપારી આ ધર્મનિષ્ઠ વેપારીના ચરણમાં પડી ગયો. એ બોલ્યો :

“ તમે વેપારી નથી, તમને નમવું તે સાધુને નમવા બરાબર છે. ”

આ સાધુ વેપારીની વાત બજારમાં જેણે જેણે જાણી એનું માથું સ્વતઃ નમી ગયું.

**આ સાધુ વેપારીનું નામ શ્રીમદ્ રાજચંદ્ર ! વીસમી સદીના મહાન તત્ત્વચિંતક અને મહાત્મા ગાંધીજીના એક ગુરુ.**



## સ્મરણાંજલિ

પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયાનંદસૂરિ( શ્રી આત્મારામજી મહારાજ )નો જન્મ વિક્રમ સંવત ૧૮૯૨ના ચૈત્ર શુદિ ૧ના દિવસે અને સ્વર્ગવાસ સં. ૧૯૫૩ના જેઠ સુદ ૭ના દિવસે,

તેઓશ્રીને પુન: પુન: સભાના વંદન.

તેઓશ્રીની સ્વર્ગવાસતિથિ નજીક આવે છે. તેનું સ્મરણ કરી તે પરમ પૂજ્યના આશિર્વાદ માંગીએ છીએ કે શ્રી જૈન આત્માનંદ સભા દિન-પ્રતિદિન સાહિત્યક્ષેત્રે તેમ જ બીજા શુભક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે

**તેઓશ્રીના સ્વર્ગવાસ પછી તુરતમાં જ એમના સ્મરણાર્થે જો કોઈ સંસ્થા સ્થપાઈ હોય તો આ શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરની જ છે. જે આપણા માટે ગૌરવ વધારનારી છે.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**( સમાચાર સંચય : અનુસંધાન ટાઈટલ પેજ ૨થી શરૂ )**

કિરણબેન શાહ આદિ વક્તાઓએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં. દીક્ષાર્થી કુ. જ્યોત્સનાબ્હેને પણ 'સંયમ પંથે પ્રયાણ....' એ વિષય પર ખુબ જ મનનીય પ્રવચન કર્યું. સંસ્થા તરફથી દીક્ષાર્થી કુ. જ્યોત્સનાબેનને કુમકુમતિલક કરી, ફુલહાર પહેરાવી, હાથમાં શ્રીફળ આપી રૂા. ૧,૧૧૧/- અર્પણ કરવામાં આવ્યા. સ્ટાફના ભાઈ-બહેનો તથા વિદ્યાર્થીની બહેનો તરફથી પણ રૂા. ૫૨૧/- દીક્ષાર્થી બહેનને અર્પણ કરવામાં આવ્યા. આભારદર્શન માણેકલાલ બગડીયાએ કર્યા બાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ થયેલ.

શ્રી શત્રુંજય ગિરિરાજની શીતળ છાયામાં છેલ્લા ત્રેપન વર્ષથી ધાર્મિક શિક્ષણ અને સંસ્કાર ઘડતર માટે અવિરત પ્રયત્નો કરતી એક આદર્શ સ્ત્રી શિક્ષણ સંસ્થા શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ-પાલિતાણાના સુપ્રિન્ટેન્ડન્ટ બહેન શ્રી કુ. જ્યોત્સનાબેન ચીમનલાલ શાહ (રાજકોટવાળા) તથા સંસ્થામાં ધાર્મિક અભ્યાસ કરતા કુ. ગુણવંતીબેન મનસુખલાલ માથુરિયા (ભીમડાદવાળા) આ બન્ને બહેનો અમદાવાદ ખાતે પૂજ્ય આચાર્ય શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પૂ. સાધ્વીશ્રી લાવણ્યશ્રીજી મ૦ પાસે વિ. સં. ૨૦૩૩ના વૈશાખ વદિ ૧૩ ને રવિવાર તા. ૧૫-૫-૭૭ના પરમ પવિત્ર શ્રી ભાગવતી દીક્ષા અંગિકાર કરશે.

× × ×

શ્રી જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયા તરફથી બૃહદ્ મુંબઈના જૈન ટ્રસ્ટો-સંસ્થાઓના હોદ્દેદારોની એક સભા ટ્રસ્ટોના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવા રવિવાર, તા. ૧૭-૪-૭૭ના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના હોલમાં યોજવામાં આવી હતી. જેમાં ટ્રસ્ટ ધારા ને આવકવેરા ધારાના નિષ્ણાતો તેમજ જુદા જુદા ટ્રસ્ટોનું પ્રતિનિધિત્વ ધરાવતી વ્યક્તિઓએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

સંસ્થાના પ્રમુખ શ્રી જે. આર. શાહે જણાવ્યું હતું કે દરરોજ બદલાતા કાયદાઓને અન્વયે ટ્રસ્ટીઓની ટ્રસ્ટ પ્રત્યેની નૈતિક જવાબદારી ઘણી જ વધી ગઈ છે ને ટ્રસ્ટોને ઉપયોગી થવાના જ હેતુથી આ સંસ્થાએ ભારતભરના ટ્રસ્ટો-સંસ્થાઓને કાનુની માનદ સેવા અને સલાહ આપવાનું કાર્ય શરૂ કરેલ છે. શ્રી નટવરલાલ એસ. શાહે સંસ્થાની આ ઉપયોગી પ્રવૃત્તિનો ખ્યાલ આપ્યો હતો. ટ્રસ્ટધારાના નિષ્ણાત શ્રી કેસરીચંદભાઈ નેમચંદ શાહ જેઓ વડોદરાથી ખાસ આ કાર્ય માટે આવ્યા હતા, તેમણે ટ્રસ્ટધારાની જુદી જુદી કલમો પ્રત્યે ટ્રસ્ટીઓનું ધ્યાન દોર્યું હતું.

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના પ્રમુખ શ્રી દીપચંદભાઈ ગાર્ડી, શ્રી સોહનલાલ કોઠારી, પુનાના શ્રી પોપટલાલ શાહ, શ્રી નેમીનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી રસિકભાઇ શાહ, શ્રી ગોવાલિયા ટેન્ક સંઘના પ્રમુખ શ્રી ધીરજલાલ શાહ, એડવોકેટ ગોસરભાઈ વિસરીયા તેમજ શ્રી દામજીભાઇ શાહ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા ને આ મહત્વની પ્રવૃત્તિને આવકારી બધા ટ્રસ્ટોને તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી ગોડીજી જૈન દેરાસર-ભાવનગરને આંગણે
### ધ્વજા-દંડ રોપણ મહોત્સવ

શ્રી ગોડીજી જૈન દેરાસર ધ્વજા-દંડ મહોત્સવ પ્રસંગે પરમ પૂ. આચાર્ય મહારાજ શ્રી પ્રતાપસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂ આચાર્ય મહારાજ શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને અન્ય મુનિ મહારાજ સાહેબો મહોત્સવ પ્રસંગે કમિટિની વિનંતી સ્વીકારી પધારેલ. ધ્વજા દંડ રોપણ મહોત્સવ પ્રસંગે આઠ દિવસ પૂજા, ભાવના, શાંતિ-સ્નાત્ર, અભિષેક વિગેરે ખૂબ જ ઉલ્લાસપૂર્વક ઉજવાયેલ. પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી નૂતન ઉપાશ્રયે પણ વ્યાખ્યાનાદિ માટે ગયેલ. ગોડીજી દેરાસરેથી ભવ્ય રથયાત્રાનો વરઘોડો પણ ચડેલ.

પૂ આચાર્ય મહારાજશ્રીને શ્રી ઘોઘા સંઘની વિનંતી થતાં તે પૂજ્ય આચાર્ય મહા-રાજ સાહેબે સ્વીકારી ત્યાં વૈશાખ વદી ૧૦ના ઘોઘા સિદ્ધચક્ર પૂજન, સ્વામીવાત્સલ્ય વિ.નું આયોજન થયેલ છે. આ પ્રસંગે ગોડીજી દેરાસર કમિટી તરફથી છ'રી પાળતો સંઘ અકવાડા થઈ ઘોઘા પહોંચશે. આ સંઘમાં ૨૫૦ ઉપરાંત યાત્રિકો પગપાળા પૂજ્ય આચાર્ય મહારાજ સાથે ઘોઘા જશે.

●

## સહર્ષ સ્વીકાર

એ ઐતિહાસિક મુંબઈથી નીકળેલ શ્રી શત્રુંજય મહાતિર્થ પદયાત્રા જૈન સંઘના સ્મરણ નિમિત્તે સંઘ તરફથી પેટ્રન તરીકે રૂ. ૫૦૧) હા. શ્રી જૈન સાહિત્ય મંદિર, પાલીતાણા તરફથી મળ્યા છે. તે સ્વીકારતાં શ્રી સંઘની અનુમોદના સાથે આનંદ વ્યક્ત કરીએ છીએ.

●

### પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી
## સમુદ્રસૂરીશ્વરજી મહારાજનો સ્વર્ગવાસ

અમને જણાવતાં અતિ દિલગીરી થાય છે કે માસિક પ્રગટ કરવાની છેલ્લી ઘડીએ સમાચાર મળે છે કે પંજાબકેસરી આચાર્યશ્રી વિજયવલ્લસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર શિષ્ય શાંતમૂર્તિ, જ્ઞાનદિવાકર, પૂજ્ય આચાર્ય શ્રી સમુદ્રસૂરીશ્વરજી મહારાજ મુરાદાબાદ (યુ.પી.) મુકામે તા. ૧૦-૫-૭૭ના રોજ સવારના સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેઓશ્રીની ઉંમર ૮૬ વર્ષની હતી. તેમનો દિક્ષાપર્યાય ૬૬ વર્ષનો હતો. તેઓશ્રીના સંબંધમાં વિશેષ હકીકત હવે પછી. તેઓશ્રીનો આત્મા પરમપદને પામો. ૐ શાંતિ.

તંત્રી : શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ, સાધના મુદ્રણાલય : દાણાપીઠ-ભાવનગર

For Private And Personal Use Only